વાણીનો ન્યૂનત્તમ
ઉપયોગ કરી
શાંતિનો મહત્તમ
લાભ ઉઠાવો
- એરિસ્ટોટલ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૦૩ | ૨૨ જૂન ૨૦૧૨, શુક્રવાર, અષાઢ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦




(તમામ તસવીરો : દિપક જાની)

# રથયાત્રા મહોત્સવ શ્રદ્ધા-ભક્તિથી છલકાયો

## સૅક્ટરે-સૅક્ટરે રથયાત્રાનું ભવ્ય સ્વાગત : દર્શન માટે ભાવિકો ઉમટ્યા : ડીજે અને બૅન્ડની સૂરાવલી વચ્ચે ભજન મંડળીએ રંગત જમાવી

ગાંધીનગર, તા. ૨૧

'જય રણછોડ... માખણચોર..' ના જયઘોષથી નગરના માર્ગો આજે ગુંજી ઉઠ્યા હતા. સે. ૨૨ પંચદેવ મંદિરથી ભગવાન જગન્નાથજીની ૨૭મી રથયાત્રાનું આજે સવારે ૭.૦૫ કલાકે પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ ફૂલશંકર શાસ્ત્રીજી, મંત્રી ફકીરભાઈ વાઘેલા તેમજ ગાંધીનગરના મેયર મહેન્દ્રસિંહ રાણાએ ભગવાન જગન્નાથજીની પૂજા-અર્ચના કર્યા બાદ રથયાત્રા નિયત રૂટમાં આગળ વધી હતી. આગળ વધતી રથયાત્રાનું સેક્ટરવાસીઓએ ઠેર ઠેર સ્વાગત કર્યું હતું.

નગરમાં નીકળેલી ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા ભાવિકોએ ઠેર ઠેર ઓવારણા લીધા હતા. પોલીસ એસ્કોટીંગ કાર, એક હાથી, પાંચ ઘોડેસવાર, બે કલાત્મક બગી સાથે બેન્ડ અને ડી.જે.ના તાલે આગળ વધતી ભગવાનની રથયાત્રામાં છવાયેલા અનેક આકર્ષણો નિહાળવા સેક્ટરોમાં ભાવિકોની ભીડ જામી હતી. હાથી, ઘોડા પાલખીની સાથે રથયાત્રામાં જોડાયેલ ટ્રક અને ટ્રેક્ટરોમાં વાજતી-ગાજતી ભજનમંડળીની રંગત સાથે ભગવાનનો રથ સેક્ટરે સેક્ટરેથી પસાર થયો હતો. જયરણછોડ માખણચોરના જયઘોષ સાથે રથયાત્રા ૩૩ જેટલા સ્થળોએ ફરી હતી. પંચદેવ મંદિરથી પ્રસ્થાન થયેલી રથયાત્રા સે. ૨૨ શોપીંગ સેન્ટર અને વિદ્યાભારતી પ્રશિક્ષણ કેન્દ્ર પાસેથી પસાર થઈ સે. ૧૭-૨૨ થઈ હનુમાન મંદિર પહોંચી હતી.ત્યાર પછી આગળ વધતી યાત્રા સે. ૧૭ હનુમાન મંદિર પહોંચતા મંદિરના પુજારીએ ભગવાનની પૂજા અર્ચના કરી હતી. ભાવિકોએ પણ થાળીનો ઘંટનાદ કરી યાત્રાને વધાવી હતી. જી.જે. ના તાલે અને બોન્ડની સુરાવલી વચ્ચે રથયાત્રામાં હનુમાન અને ગણેશ સ્વરૂપે નજરે પડતા ભાવિકોએ શ્રધ્ધાળુઓમાં આકર્ષણ જમાવ્યું હતું. હનુમાન મંદિરથી નાગરિક બેંક પાસે પહોંચેલી યાત્રાનું સ્વાગત કરાયા બાદ સે. ૧૬ શોપીંગ સેન્ટરમાં વેપારીઓએ પૂજા-અર્ચના કરી રથયાત્રાને વધાવી હતી. શોપીંગમાં યુવાનો દ્વારા મટકી ફોડનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શોપીંગથી આગળ વધી યાત્રા બાલાજી મંદિર થઈ સે. ૧૬ બ્રહ્મભવન પાસે પહોંચી હતી જ્યાં બ્રહ્મસમાજના આગેવાનોએ રથયાત્રાનું ભવ્ય સ્વાગત કર્યું હતું. રથયાત્રાની સૌથી આગળ સેક્ટરમાં પ્રવેશતા પાંચ ઘોડેસવાર યુવાનોએ પણ ડાન્સીંગ ઘોડીના કરતબ દેખાડી ભાવિકોમાં આકર્ષણ જમાવ્યું હતું. સે. ૧૬માંથી ધીમે ધીમે આગળ વધતા ભગવાનનો રથ 'ગ' માર્ગ તરફ આગળ વધ્યો હતો. જ્યારે સે. ૧૩માં લિંબચ મંદિર શોપીંગ સેન્ટર પાસેથી આગળ સે. ૧૨ તરફ યાત્રાએ પ્રસ્થાન કર્યું હતું. ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું ભાવિકોએ રૂટમાં ઠેર ઠેર સ્વાગત કર્યું હતું. ભગવાનના રથની સાથે જોડાયેલા પ્રસાદ રથમાંથી ભાવિકોને સતત પ્રસાદનું વિતરણ કરવામાં આવતુ હતુ. સે. ૧૨માં ઉમિયાધામ અને ખોડીયાર મંદિરથી આગળ વધતી રથયાત્રા સે. ૬માં પહોંચતા અહી ભાવિકો કતારમાં દર્શન કરવા નજરે પડ્યા હતા. અહીં ભાવિકો માટે ઠંડા શરબત અને છાશની વ્યસ્થા કરવામાં આવી હતી. સે. ૬/૩ અને સે. ૭/૨ની ચોકડી પાસેથી આગળ વધતી રથયાત્રા સે. ૭માં પહોંચી હતી. અહીં ભગવાનના દર્શન માટે મોટી સંખ્યામાં ભાવિકોની ભીડ જામી હતી. સે. ૭માં થઈ સે. ૮માં પ્રવેસેલી રથયાત્રાનું સ્થાનિક રહીશોએ સ્વાગત કર્યું હતું. ત્યારબાદ સેક્ટરના શોપીંગ થઈ સે. ૯ અને ૧૦માં સ્થિત પોલીસભવન, આંકડાબ્યુરો કચેરી પાસેથી યાત્રા આગળના રૂટ તરફ ધપી હતી. ત્યારબાદ સે. ૧૯/૨૦માં અગ્રણીઓ દ્વારા પૂષ્પ અર્ચના કરી રથયાત્રાને વધાવવામાં આવી હતી. અક્ષરધામ પાસે પણ રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરી પ્રસાદનું વિતણ કરાયું હતું. જ્યાંથી સે. ૩૦ ગુરૂદ્વારા નજીકથી રથયાત્રા આગળ વધી વિસામા તરફ આગળ વધી હતી. સે. ૨૯માં જલારામ મંદિરમાં ભગવાનના મોસાળમાં ભાવિકોએ પ્રસાદનો લાભ લીધા બાદ બપોરે ૩ કલાકે રથયાત્રાનું પુનઃ પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. જ્યાંથી સિદ્ધેસ્વર મહાદેવ મંદિર થઈ સે. ૨૮માં દત્ત મંદિર પાસે રથયાત્રા આવી પહોંચી હતી. જ્યાં સ્વાગત વિધિ બાદ સે. ૨૭ શિવશક્તિ મંદિર તેમજ સાંઈબાબા ચોક થઈ યાત્રા સે. ૨૪ શોપીંગમાં પ્રવેશી હતી. સે. ૨૪માંથી આગળ વધતી રથયાત્રા સે. ૨૩ સ્વામિનારાયણ મંદિર પાસે પહોંચ્યા પછી ટેકવાન ડૉ. એસોસિએશન દ્વારા યાત્રાના રૂટમાં સેક્ટરે-સેક્ટરે કોરીયન કરાટેની કલા રજૂ કરવામાં આવી હતી. સે. ૨૩ શોપીંગ સેન્ટરથી રથયાત્રા સે. ૨૨ આયુર્વેદિક હોસ્પિટલ તરફના માર્ગ પર આગળ પ્રયાણ કરી ચ-૬


● અનુસંધાન પાન-૨ પર


## 'જય રણછોડ માખણચોર'ના જયનાદથી નગરના માર્ગો ગૂંજી ઉઠ્યા : ભાવિકોને ઠેર ઠેર છાશ, શરબત પિરસાયાં


(તસવીર : દિપક જાની)

## રથયાત્રાના રૂટમાં ડાન્સીંગ ઘોડી આકર્ષણનું કેન્દ્ર બની

### રથયાત્રામાં સામેલ પાંચ ઘોડેસવારોએ આકર્ષણ જમાવ્યું

ગાંધીનગર, તા. ૨૧

ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં રૂટ પર અનેક આકર્ષણો છવાયેલા જોવા મળ્યા હતા. જય રણછોડ માખણચોરના જયઘોષ વચ્ચે સેક્ટરોમાંથી પસાર થતી રથયાત્રાના આગમન પૂર્વે ડાન્સીંગ ઘોડીઓના કરતબથી નગરજનો દંગ રહી ગયા હતા. શહેરમાં આજે સવારે સે. ૨૨ પંચદેવ મંદિરથી પ્રસ્થાન થયેલી રથયાત્રામાં હાથી, કલાત્મક બગીઓ સહિત વિવિધ વેશભૂષામાં પૌરાણિક પાત્રો સ્વરૂપે ઉતરતા યુવાનો સાથે ઘોડેસવાર યુવાનોના કરતબોએ પણ રંગ રાખ્યો હતો. રથયાત્રામાં વાવોલ અને સે. ૨૮ના પાંચ ઘોડેસવારો પણ જોડાયા હતા. ડાન્સીંગ ઘોડીના અંદાજને નિહાળી દર્શનાર્થી ભાવિકો પણ ખુશ થઈ ગયા હતા. રથયાત્રાના રૂટમાં અત્યાર સુધી હાથી અને કલાત્મક બગીઓનું આકર્ષણ વિશેષ રહેવું હતું જ્યારે આ વખતે પ્રથમવાર પાંચ જેટલા ઘોડેસવારો સતત યાત્રાના રૂટમાં જોડાયેલા રહેવાથી નગરજનોમાં વિશેષ આકર્ષણ છવાયું હતું.


(તસવીર : દિપક જાની)

## ટે-કવોન-ડૉ આર્ટનું નિદર્શન કરાયું

ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ગાંધીનગર ટેકવોન-ડૉ એસોસિએશન દ્વારા રૂટમાં ઠેર-ઠેર કોરીયન કરાટે કલાનુ નિદર્શન કરવામાં આવ્યું હતું. એસોસિએશનના કોચ જતીન દવેના માર્ગદર્શન હેઠળ ૫૦ જેટલા યુવાનોએ અનોખી ચુસ્તી-સ્ફૂર્તિ સાથે વિવિધ પ્રયોગો રજૂ કર્યા હતા. આત્મરક્ષણની આ કળા નિહાળી નગરજનો પણ દંગ રહી ગયા હતા. રથયાત્રાના રૂટમાં સેક્ટરોમાં યાત્રાના આગમન પૂર્વે યુવાનોની ટીમ દ્વારા ટે-ક્વોન-ડૉ આર્ટનુ નિદર્શન કરવામાં આવ્યું હતું.


(તસવીર : દિપક જાની)

## વન વિભાગે ૧૨ હજાર રોપાઓનું વિતરણ કર્યું


(તસવીર : દિપક જાની)

ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં હાથી, ઘોડા અને કલાત્મક બગીઓ ઉપરાંત વિવિધ ટેબ્લોઝ જોડાયા હતા જ્યારે ગ્રીનસીટીના કન્સેપ્ટને વેગ આપવા વન વિભાગ દ્વારા યાત્રાના રૂટમાં નાગરીકોને તુલસી, અરડુસી સહિત, મોગરો સહિત વિવિધ ફૂલોના રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. રથયાત્રાના અંતે શહેરમાં ૧૨ હજાર જેટલા રોપાઓનું વિતરણ કરાયું હતું.

## ભગવાનના મોસાળમાં ૪ હજાર ભાવિકોએ પ્રસાદનો લાભ લીધો

### ખીચડી-શાક અને બૂંદી-ગાંઠિયાનો પ્રસાદ પિરસાયો

ગાંધીનગર, તા. ૨૧

ભગવાન જગન્નાથજીની રથયાત્રા સે. ૨૨ પંચદેવ મંદિર ખાતેથી સવારે ૭ વાગે પ્રસ્થાન થયા બાદ નિયત રૂટ પર આગળ વધતી મધ્યાંતરે ભગવાનના મોસાળ સે. ૨૯ જલારામ ધામ ખાતે પહોંચી હતી. બરોબર ૧ વાગ્યે રથયાત્રા જલારામ મંદિર પહોંચતા જલારામ સેવા સમાજના પ્રમુખ અમૃતભાઈ ઠક્કર, મંત્રી જીતુભાઈ સેજાણી સહિતના આગેવાનોએ પૂજા-અર્ચના કરી યાત્રાનું સ્વાગત કર્યું હતું. વિસામાના સ્થળે ૪ હજાર જેટલા ભાવિકોએ ખીચડી, શાક, બુંદી, ગાંઠીયા અને છાશના પ્રસાદનો લાભ લીધો હતો. વહેલી સવારથી પ્રારંભાયેલી યાત્રામાં વિસામાના સ્થળે ભાવિકોએ પ્રસાદ સહિતની વ્યવસ્થા પુરી પાડતા જલારામ સેવા સમાજના અરવિંદભાઈ ઠક્કર, રમેશભાઈ પુજારા, અશોકભાઈ ગણાત્રા તેમજ રમેશભાઈ તન્ના સહિતના આગેવાનોએ જહેમત ઉઠાવી હતી.


